નડિયાદના સંતરામ મંદિરે પોષી પૂનમની ભવ્ય ઉજવણી: હજારો મણ બોરની ઉછામણી સાથે ‘ જય મહારાજ ’નો નાદ ગુંજ્યો

નડિયાદના સુપ્રસિદ્ધ સંતરામ મંદિરે પોષી પૂનમના પાવન અવસરે શ્રદ્ધાનું ઘોડાપૂર ઉમટ્યું હતું. વર્ષો જૂની પરંપરાને જાળવી રાખતા હજારો ભાવિક ભક્તોએ મંદિર પરિસરમાં બોર ઉછાળીને આસ્થાપૂર્વક મહારાજના ચરણોમાં શીશ ઝુકાવ્યું હતું. આ પ્રસંગે સમગ્ર નડિયાદ શહેર ‘જય મહારાજ’ના નાદ સાથે ગુંજી ઉઠ્યું હતું. આ પર્વ નિમિત્તે મંદિરની બહાર બોરના વિશાળ ઢગલા જોવા મળ્યા હતા અને આશરે 50 હજાર કિલોથી પણ વધુ બોરનું વેચાણ થયું હોવાનો અંદાજ છે. ગુજરાતના વિવિધ શહેરો જેવા કે અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ ઉપરાંત અન્ય રાજ્યો અને વિદેશથી પણ ભક્તો આ પાવન પ્રસંગના સાક્ષી બનવા અને મહારાજના આશીર્વાદ લેવા ઉમટી પડ્યા હતા. કેટલાક ભક્તો માનતા પૂરી કરવા તો કેટલાક માત્ર ભક્તિભાવથી દર્શન કરી ધન્યતા અનુભવવા આવ્યા હતા. આ પરંપરા શ્રદ્ધા અને ભક્તિના સંગમ સમાન છે, જ્યાં એક નાનકડું ફળ (બોર) હજારો પરિવારોની આસ્થાનું પ્રતીક બની જાય છે. સંતરામ મંદિરમાં બોર ઉછાળવાની આ પરંપરા સાથે એક વિશેષ શ્રદ્ધા જોડાયેલી છે. લોકવાયકા મુજબ, જે બાળકો બોલી શકતા ન હોય અથવા જેમને બોલવામાં તકલીફ પડતી હોય, તેમના માટે સંતરામ મંદિરની માનતા રાખવાથી બાળક બોલતું થઈ જાય છે. જ્યારે બાળક બોલતું થાય ત્યારે પરિવારજનો અહીં આવીને બોર ઉછાળી પોતાની માનતા પૂર્ણ કરે છે. ભક્તો શ્રદ્ધાપૂર્વક બોર ખરીદે છે અને તેને મંદિરના પરિસરમાં ઉછાળે છે, ત્યારબાદ આ ઉછળેલા બોરને અન્ય ભક્તો પ્રસાદ તરીકે ઘરે લઈ જાય છે. - **જશવંતસિંહ રાઠોડ**

ગામડી બ્રિજ પાસે વહેલી સવારે સર્જાયો અકસ્માત; કેમિકલ લીકેજ થતા ફાયર ફાઈટરોએ ફોમનો છંટકાવ કર્યો

આણંદમાં કેમિકલ ભરેલું ટેન્કર પલટી ગયું

નેશનલ હાઈવે 48 પર ફાયર વિભાગની તત્પરતાથી મોટી હોનારત ટળી

(પ્રતિનિધિ) આણંદ તા.3

આણંદમાં નેશનલ હાઈવે 48 પર શનિવારની વહેલી સવારે એક મોટી દુર્ઘટના ઘટતા રહી ગઈ હતી. હાઈવે પર ગામડી રેલ્વે બ્રિજ નીચે સર્વિસ રોડ પર ઝાયલીન નામના અત્યંત જ્વલનશીલ કેમિકલથી ભરેલું ટેન્કર પલટી જતાં કેમિકલનું લીકેજ શરૂ થયું હતું. જોકે, કરમસદ-આણંદ ફાયર વિભાગે ઘટનાસ્થળે પહોંચી કેમિકલ પર ફોમનો છંટકાવ કરતા મોટી આગ લાગતા બચી હતી.

કરમસદ - આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસને 3જી જાન્યુઆરીના રોજ વહેલી સવારે 6-40 કલાકે સંદેશ મળ્યો હતો કે, એકતા હોટલ નજીક ઝાયલીન કેમિકલ ભરેલું એક ટેન્કર પલટી ગયું છે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને ફાયર ઓફિસર ધર્મેશ ગોરની આગેવાની હેઠળ 4 ફાયર ફાઈટર અને વિશાળ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો.

આ અકસ્માતમાં ટેન્કરમાંથી જ્વલનશીલ કેમિકલ લીક થઈ રહ્યું હોવાથી આગ લાગવાનું ભારે જોખમ હતું. આ સ્થિતિમાં ફાયર બ્રિગેડ દ્વારા એએફએફએફ ફોમ કેમિકલનો છંટકાવ કરી કુલિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ ટેન્કરની બિલકુલ બાજુમાં જ પ્લાસ્ટિકનું ગોડાઉન આવેલું હોવાથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ફાયરનો સ્ટાફ સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યો હતો. બાદમાં બે હાઈડ્રા મશીનની મદદથી જોખમી ટેન્કરને સુરક્ષિત રીતે સીધું કરવામાં આવ્યું હતું. આ કામગીરીમાં ફાયર ડ્રાઈવર અવિનાશ પરમાર, હર્ષિલ પટેલ, સબ ફાયર ઓફિસર હિંમત ભુરીયા સહિતના જવાનોએ ખડેપગે રહીને સંભવિત હોનારતને ટાળી હતી.

ઝાયલીન જ્વલનશીલ છે

ઝાયલીનએ એક અત્યંત જ્વલનશીલ કેમિકલ છે. આ કેમિકલ જો ખુલ્લામાં લીક થાય, તો તે ગંભીર દુર્ઘટના કે આગનું કારણ બની શકે છે. તેના આ જોખમી સ્વભાવને કારણે જ, જ્યારે નેશનલ હાઈવે 48 પર તેનું લીકેજ થયું, ત્યારે ફાયર વિભાગ દ્વારા તેને ઠંડુ રાખવા માટે એએફએફએફ ફોમ કેમિકલનો છંટકાવ અને કુલિંગની પ્રક્રિયા કરવામાં આવી હતી. ઝાયલીન એ એક રંગહીન અને મીઠી ગંધ ધરાવતું પ્રવાહી છે. તેનો ઉપયોગ મુખ્યત્વે પ્રિન્ટિંગ, રબર અને ચામડાના ઉદ્યોગોમાં દ્રાવક તરીકે થાય છે.

ઉમરેઠના સંતરામ મંદિરમાં શ્રદ્ધાભેર પોષી પૂનમ ઉજવાઈ

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.3

ઉમરેઠના સુપ્રસિદ્ધ સંતરામ મંદિરમાં પોષી પૂનમના પવિત્ર દિવસે વર્ષો જૂની પરંપરા મુજબ સાકર-બોર વર્ષાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મંગલમય પ્રસંગે શ્રી સંતરામ મંદિરના મહંત શ્રી ગણેશદાસજી મહારાજ તેમજ વિવિધ સંતરામ ધામની ગાદીના મહંતશ્રીઓ દ્વારા શ્રી સંતરામ મહારાજની વિશેષ મહા આરતી કરવામાં આવી હતી. આ ધાર્મિક મહોત્સવમાં હજારોની સંખ્યામાં ભક્તો અને નગરના અગ્રણીઓએ દર્શનનો લાભ લીધો હતો.

આરતી પૂર્ણ થયા બાદ ‘જય મહારાજ’ના ગગનભેદી નાદ સાથે પૂજ્ય સંતો દ્વારા અને ત્યારબાદ ઉપસ્થિત હજારો ભક્તો દ્વારા સાકર-બોરની ઉછામણી કરવામાં આવી હતી. આ પરંપરા સાથે એક અતૂટ શ્રદ્ધા જોડાયેલી છે કે, જો કોઈ બાળક પોતાની ઉંમર પ્રમાણે બોલતું ન હોય, તો સંતરામ મંદિરમાં સાકર-બોર વર્ષા કરવાની બાધા રાખવાથી તે બાળક જલ્દીથી બોલતું થઈ જાય છે.

આ માન્યતાને કારણે ઉમરેઠ સહિત આજુબાજુના ગામો તેમજ કરમસદ, કાલસર અને નડિયાદથી


તસવીરઃ ધનંજય શુકલ

મોટી સંખ્યામાં ભક્તો પોતાની બાધા પૂર્ણ કરવા અને દર્શન માટે ઉમટી પડ્યા હતા. આ નિમિત્તે મંદિર દ્વારા ભંડારાનું પણ આયોજન કરાયું હતું.

બોરસદમાં બાઈક સ્લીપ થતાં ચાલકનું કરુણ મોત

ટ્રેક્ટરની ઓવરટેક કરતા સમયે અચાનક બ્રેક મારતાં સ્લીપ થયું

(પ્રતિનિધિ) બોરસદ તા.3

બોરસદમાં ટાઉનહોલ તરફ જવાના માર્ગ પર પુરપટ ઝડપે જતા બાઈકના ચાલકે ટ્રેક્ટરની ઓવરટેક કરતા સમયે અચાનક બ્રેક મારતાં તે સ્લીપ થયું હતું. જેના કારણે ચાલકને ગંભીર ઈજા પહોંચતાં મોત નિપજ્યું હતું.

બોરસદના સેજપુર ગામમાં રહેતા રીતેનકુમાર પંકજભાઈ પટેલના કાકા સંજયકુમાર ચંદુભાઈ પટેલ (ઉ.વ.56, રહે. સહજાનંદ શરણમ્ સોસાયટી, બોરસદ)ના બે પુત્ર આફ્રિકા અને શ્રીલંકા રહે છે. દરમિયાનમાં 2જી જાન્યુઆરીના રોજ સંજયભાઈ પટેલ બોરસદ શહેરના એચપી ગેસ ગોડાઉનવાળા રોડથી ટાઉનહોલ તરફના રોડ તરફ બાઈક લઈને જતા હતા. તે સમયે અચાનક બાઈક સ્લીપ થતાં તેમને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં ફરજ પરના તબીબે મૃત્યુ પામેલા જાહેર કર્યાં હતાં. આ અંગે રીતેનકુમારે ઘટના સ્થળે પહોંચી તપાસ કરતાં સંજયભાઈ બાઈક લઈને ગેસ ગોડાઉન તરફ આવતા હતા તે સમયે થોડે દુર ટ્રેક્ટર જતું હતું. જેની ઓવરટેક કરવા જતાં અચાનક બ્રેક મારી હતી. આ બ્રેક મારતાં બાઈક પરથી કાબુ ગુમાવી દીધો હતો અને તે સ્લીપ ખાઈ ગયું હતું. જેના કારણે સંજયભાઈને ગંભીર ઈજા પહોંચતાં મોત નિપજ્યું હતું. આ અંગે બોરસદ શહેર પોલીસે રીતેનકુમારની ફરિયાદના આધારે સંજયકુમાર પટેલ સામે ગુનો નોંધ્યો હતો.

સરકાર આદિવાસી યુવાનોની કારકિર્દી ખતમ કરી રહી છે: મહીસાગરમાં અમિત ચાવડાનો પ્રચંડ પ્રહાર

મહીસાગર જિ.ના યુવાનો જાતિના દાખલા માટે ધક્કા ખાઈ રહ્યા છે : અમિત ચાવડા

‘જન આક્રોશ યાત્રા’માં ભ્રષ્ટાચાર, જાતિના દાખલા અને દૂષિત પાણીના મુદ્દે કોંગ્રેસે સરકારને ઘેરી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.3

મહીસાગર જિલ્લામાં કોંગ્રેસની જન આક્રોશ યાત્રાના 13મા દિવસની શરૂઆત લુણાવાડાથી કરવામાં આવી હતી, જેમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને સીએલપી નેતા ડો. તુષારભાઈ ચૌધરીએ સરકારની નીતિઓ સામે આકરા પ્રહારો કર્યા હતા. આ યાત્રા લુણાવાડાથી નીકળી લીંબોદરા, બાકોર, કડાણા થઈ સંતરામપુર તરફ આગળ વધી હતી,

મહિસાગરના આંગણે અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસે આદિવાસીઓને જળ, જમીન અને જંગલના અધિકારો આપ્યા હતા, પરંતુ સરકાર આ અધિકારો છીનવી રહી છે. મહીસાગર જિલ્લાના સેંકડો આદિવાસી યુવાનો જાતિના દાખલા માટે વર્ષોથી ધક્કા ખાઈ રહ્યા છે, જેના કારણે તેમની કારકિર્દી બરબાદ થઈ રહી છે. લુણાવાડા અને સંતરામપુર નગરપાલિકા તેમજ જિલ્લા પંચાયતમાં લાખોનો ભ્રષ્ટાચાર પકડાયો હોવા છતાં નેતાઓ ભ્રષ્ટાચારીઓને બચાવી રહ્યા છે. કોઈપણ સરકારી કચેરીમાં પૈસા આપ્યા વગર કામ થતું નથી,. સંતરામપુર, બાલાસિનોર અને પાટનગર ગાંધીનગરમાં પણ દૂષિત પાણીના કારણે લોકો મોતને ભેટી રહ્યા છે.

સીએલપી નેતા ડો. તુષારભાઈ ચૌધરીએ ચીમકી આપી હતી કે, જાતિના દાખલા માટે જે હેરાનગતિ થઈ રહી છે, તે મુદ્દે વિધાનસભામાં રજૂઆત કરવામાં આવશે અને જરૂર પડ્યે રોડ પર ઉતરી આક્રમક લડત લડવામાં આવશે. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય અધ્યક્ષ સેવાદળ લાલજીભાઈ દેસાઈ, ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણ, જિલ્લા પ્રમુખ હર્ષદભાઈ પટેલ સહિતના વરિષ્ઠ આગેવાનો અને મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો જોડાયા હતા.

તારાપુરમાં વાહન ટક્કરે પરપ્રાંતિય આધેડનું મોત

રોડ ક્રોસ કરતા સમયે અકસ્માત સર્જાતા સાથે રહેલો મિત્ર ભાગી ગયો

(પ્રતિનિધિ) તારાપુર તા.3

તારાપુરમાં આવેલી ખાનગી કંપનીની સાઈટમાં નોકરી કરતાં પરપ્રાંતિય વ્યક્તિ રજાના દિવસે લટાર મારવા નિકળ્યા તે સમયે અજાણ્યા વાહનની ટક્કરે મોત નિપજ્યું હતું.

તારાપુરની કૃષ્ણનગર સોસાયટીમાં રહેતા લલનકુમાર રામલગન યાદવ મુળ બિહારના વતની છે. તે ખાનગી કંપનીની સાઈટ પર ડ્રાઈવીંગની નોકરી કરે છે અને તેની સાથે અન્ય પાંચ કર્મચારી પણ રૂમ પર રહે છે. દરમિયાનમાં 1લી જાન્યુઆરીના રોજ કંપનીમાં રજા હોવાથી લલનકુમાર યાદવ અને તેની સાથે રહેતા સુધિરકુમાર બ્યાસદેવ મહતો (ઉ.વ.50) લટાર મારવા નિકળ્યાં હતાં. બન્ને મિત્રો ચાલતા સહાદત હોસ્પિટલ તરફ જતા હતા. આ દરમિયાન અમીન પ્લાજા કોમ્પ્લેક્સથી સામેની બાજુ રોડ ક્રોસ કરતા સમયે અચાનક પુરપાટ ઝડપે કાર ધસી આવી હતી અને સુધિરકુમારને જોરદાર ટક્કર મારી દીધી હતી. આ અકસ્માત જોતા જ લલનકુમાર હેબતાઈ ગયો હતો અને ત્યાંથી ભાગી ગયો હતો.

બીજી તરફ ઘાયલ સુધિરકુમારને તાત્કાલિક સારવાર માટે કરમસદ હોસ્પિટલમાં લાવ્યાં હતાં. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત્યુ પામેલા જાહેર કર્યાં હતા. આ અંગે તારાપુર પોલીસે લલનકુમારની ફરિયાદ આધારે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સરદાર પટેલ યુનિવર્સિટી 3 સ્ટાર્ટઅપને રૂ. 6 લાખની ગ્રાન્ટ આપશે

સ્વચ્છ કિચન, હર્બલ અગરબત્તી, પ્લાસ્ટિકનો ઇકો-ફ્રેન્ડલી વિકલ્પ પર વિદ્યાર્થીઓ સ્ટાર્ટઅપ કરશે

(પ્રતિનિધિ) આણંદ તા.1

સરદાર પટેલ યુનિવર્સિટીના એસપીયુ-એસએસઆઈપી-નવાધારા એકમ દ્વારા યુવા ઉદ્યમીઓને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. કુલપતિ પ્રો. ડૉ. નિરંજન પી. પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી માસિક સમીક્ષા બેઠકમાં 3 નવીન સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ્સ માટે રૂ. 6 લાખની આર્થિક સહાય અને 2 ઈન્ટેલેક્ટ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ (IPR) પ્રસ્તાવોને મંજૂરી આપવામાં આવી છે.

આ બેઠકમાં શિક્ષણ, ટેકનિકલ અને આર્થિક ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા કુલ 6 પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું, જેમાંથી શ્રેષ્ઠ ત્રણ પ્રોજેક્ટ્સની પસંદગી કરવામાં આવી હતી. મંજૂર થયેલા પ્રોજેક્ટ્સમાં નીચે મુજબની નવીનતાઓ જોવા મળી છે:

આ ઉપરાંત, બેઠકમાં ડીઝાઈન પેટન્ટ અને યુટીલીટી પેટન્ટની અરજીઓ પણ મંજૂર કરવામાં આવી હતી. સરદાર પટેલ યુનિવર્સિટીનું આ પ્લેટફોર્મ રાજ્યમાં વિકસતી સ્ટાર્ટઅપ સંસ્કૃતિ અને યુવા સંશોધકોની સામાજિક જવાબદારીને મજબૂત બનાવવામાં એક મહત્વપૂર્ણ આધારસ્તંભ સાબિત થઈ રહ્યું છે.

ક્યા ક્યા સ્ટાર્ટઅપ માટે ગ્રાન્ટ મંજુર થઇ ?

- » સ્વચ્છ કિચન: યુવા ઉદ્યમી એલન અને નોલ મેકવાન દ્વારા પ્રસ્તુત આ ટેકનોલોજી વ્યાવસાયિક રસોડાંમાં હાઈજિનના ધોરણો સુધારવા અને સુરક્ષિત ફૂડ ઇકોસિસ્ટમ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- » હર્બલ અગરબત્તી: નડિયાદની જે.એન્ડ.જે. કોલેજ ઓફ સાયન્સની વિદ્યાર્થીનીઓ ઉર્વશી પટેલ અને તિથી કોઠારી દ્વારા હાનિકારક રસાયણોથી મુક્ત, કુદરતી ઘટકો આધારિત અગરબત્તીનો પ્રોજેક્ટ રજૂ કરાયો હતો.
- » ‘ઇકોસ્ફિયર’ પેકેજિંગ: વલ્લભ વિદ્યાનગરની વી.પી. એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કોલેજની સાલેહા રાણા અને માયા સરગરાએ ખાંડ મિલના બાય-પ્રોડક્ટ ‘બેગાસ’માંથી પ્લાસ્ટિકનો ઇકો-ફ્રેન્ડલી વિકલ્પ તૈયાર કર્યો છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225